**<u>રાજકોટના મે.૯મા એડી. જયુડી. મેજી.ફ.ક.,સાહેબની કોર્ટમાં, મુ. રાજકોટ</u>**

**ફોજદારી કેસ નં.૪૮૬૧૩/૨૦૨૧**
આંક–

**શ્રી સરકાર ...ફરીયાદી**

**વિરુધ્ધ**

**જોરૂભાઈ ઉમરભાઈ સાડમીયા**
**રહેઃ ફાલ્કન વાળા રોડ પર ઝુપડપટ્ટીમાં,**
**વાવડી, રાજકોટ ...આરોપી**

**<u>ગુનો : પ્રોહીબીશન એકટની કલમ ૬૫ એએ,</u>**

## <u>–:: ચુકાદો ::–</u>

(૧) સદર કામનુ કેસ રેકર્ડ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન હાથ પર લઈ વંચાણે લીધુ. આ કામના આરોપી સામે **પ્રોહીબીશન એકટની કલમ ૬૫ એએ,** મુજબનો ગુનો નોંધાતા, આરોપી/ઓ સામે હાલનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ થતા અત્રેની અદાલતે આરોપી સામે સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ. આરોપી નો સમન્સ યોગ્ય રીતે બજવણી થઈ જતા આરોપી સ્પેશીયલ સીટીંગ દરમ્યાન હાજર થયેલ છે. આરોપી ને ભા. ફો. અ. ની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા અંગેની ખાત્રી કરેલ છે.

(૨) ઉપરોકત ગુન્હા અંગે **આંક–૪** થી આરોપીની પ્લી લેતા, આરોપીએ તેમનો ગુન્હો કબુલ કરી, ગુન્હા અંગે મૌખીક જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ ગુન્હો છે. ગુન્હા બદલ તેઓને ઘણો જ પસ્તાવો છે. કાયદાના અજ્ઞાનને લીધે અજાણતાથી આ ગુન્હો તેમનાથી થઈ ગયેલ છે, તેથી ભવિષ્યમા આવો ગુન્હો નહી બને તેવી ખાત્રી અને ભરોસો આપી તેઓએ હળવો દંડ કરી, છોડી મુકવા અરજ કરેલછે.

(૩) આરોપી તરફે રજુ થયેલ ઉપરોકત ગુન્હા કબુલાત પુરસીસ સ્વૈચ્છીક હોઈ તે નોંધી પરંતુ આરોપીની સદરહુ કબુલાત તેમની વિરુધ્ધનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આરોપીઓને આપવામા આવેલ છે તેમછતાં આરોપી રાજીખુશીથી ગુનો કબુલ કરે છે. તેવી કોર્ટે ખાતરી કરેલ છે. આ તબકકે નામદાર ગુજરાત વડી અદાલતનો **ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી ઠાકોર, જી. એલ. આર. ૨૦૦૫ (૧) પાના નં. ૭૦૯** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લીધો. તેમજ સદરહું ચુકાદાના પાના નં. ૭૨૧ ના પેરા નં. ૨૧માં જણાવેલ કારણો ધ્યાને લીધા. આ કામના આરોપી કુટુંબ કબીલાવાળા છે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર ઈસમ છે તથા તેઓનો આ પ્રથમ ગુનો છે. આરોપી ની સામાજીક તેમજ આર્થિક પરિસ્થિતી ને ધ્યાને લઈ તેમજ ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ને ધ્યાને લેતા આરોપી સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતા હોઈ, આરોપીની આ કબુલાત

હું સ્વીકારુ છુ અને આરોપીને તેમની સામેના ગુનામા તકસીરવાન ઠરાવુ છુ. પરંતુ આરોપીની કબુલાત તેમજ કેસની હકીકતોને ધ્યાને લેતા, આરોપીને યોગ્ય રકમનો દંડ કરવામા આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેમ માનુ છુ. જેથી ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**<u>–::હુ ક મ::–</u>**

૧. આ કામના આરોપી ને **પ્રોહીબીશન એકટની કલમ ૬૫એએ,** મુજબ સી. આર. પી. સી. કલમ ૨૪૧ અન્વયે તકસીરવાન ઠરાવું છું. અને સદર ગુના સબબ આરોપીને રૂ.**૩૦૦** /– અંકે રૂપીયા **ત્રણસો પુરા**. નો દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા ફરમાવવાનો હુકમ કરૂ છું. જો આરોપી દંડની રકમ ન ભરે તો દીન : **૨** ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ નો અપીલ સમય વિત્યે નિયમાનુસાર નિકાલ કરવો.

હુકમ આજરોજ ખુલ્લી સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૧/૦૨/૨૩
સ્થળ– રાજકોટ

(કૃતેશકુમાર નરેન્દ્રપ્રસાદ જોષી)

૯માં એડી.જયુડી. મેજી.ફ.ક., રાજકોટ
JUDGE CODE NO.GJ01689